નવી બાબત ૨૦૨૦-૨૧

આદર્શ નિવાસી શાળા(કુમાર) ખમીસણા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર તથા આદર્શ નિવાસી શાળા(કુમાર) મુન્દ્રા. જિ.કચ્છના મકાન બાંધકામ બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: અનશ/૧૦૨૦૨૦/૪૩૧૧૫/ન.બા.૩૯/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૭/૦૨/૨૦૨૨

વંચાણમાં લીધા:

(૧)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૮/૦૧/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૧૯-૨૦/૨૪૬-૪૭

(૨)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૫/૧૦/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/ ગ-૧/૧/૨૦૨૦-૨૧/૫૨૬૫

(૩)નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૮/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: અજાક/ ગ-૧/૧/૨૦૨૦-૨૧/૬૨૬૫

આમુખ:

રાજયમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ માટે આદર્શ નિવાસી શાળાઓ ચલાવવામાં આવે છે. નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૧) પરના તા.૦૮/૦૧/૨૦૨૦ના પત્રથી આદર્શ નિવાસી શાળા(કુમાર) ખમીસણા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર તથા આદર્શ નિવાસી શાળા(કુમાર) મુન્દ્રા. જિ.કચ્છના મકાન બાંધકામ બાંધકામ અંગેની નવી બાબતની વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં જોગવાઈ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં આદર્શ નિવાસી શાળા(કુમાર) ખમીસણા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર માટે રૂ.૨૦૦.૦૦ લાખ તથા આદર્શ નિવાસી શાળા(કુમાર) મુન્દ્રા. જિ.કચ્છ માટે રૂ.૫૦૦.૦૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે. નિયામકશ્રી(અજાક) દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના તા.૧૫/૧૦/૨૦૨૦ના પત્રથી આદર્શ નિવાસી શાળા(કુમાર) ખમીસણા તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગરના મકાન બાંધકામ માટે રૂ.૮.૭૬.૮૦.૯૦૦/-ના અંદાજો મુજબ રૂ.૨૦૦.૦૦ લાખની તથા વંચાણે લીધેલ ક્રમાંક:(3) પરના તા.૦૮/૧૨/૨૦૨૦ના પત્રથી આદર્શ નિવાસી શાળા(કુમાર) મુન્દ્રા. જિ.કચ્છના મકાન બાંધકામ માટે રૂ.૧૭.૨૨.૪૭.૦૦૦/-ના અંદાજો મુજબ રૂ.૫૦૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા માટે દરખાસ્ત કરેલ છે. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

નિયામકશ્રી(અજાક)ની વંચાણે લીધેલ ક્રમાંક:(૨) તથા વંચાણે લીધેલ ક્રમાંક:(૩) પરના પત્રોથી કરેલ દરખાસ્ત અન્વયે પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા(કુમાર) ખમીસણા, તા.વઢવાણ જિ.સુરેન્દ્રનગર તથા આદર્શ નિવાસી શાળા(કુમાર) મુન્દ્રા, જિ.કચ્છના મકાન બાંધકામ માટે અનુક્રમે રૂ.૨૦૦.૦૦ લાખ તથા રૂ.૫૦૦.૦૦ લાખની એમ કુલ રૂ.૭૦૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૦-૨૧ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૫. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૬. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી(અજાક)એ તાત્કાલિક પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૮. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૯. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની નિયામકશ્રી(અજાક)એ તકેદારી રાખવાની રહેશે.

૧૦. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

૧૧. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

૧૨. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૧૩. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

૧૪. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

૧૫. સરકારી ખર્ચમાં કરકસર અંગેના નાણા વિભાગના તા.૨૨/૦૬/૯૪ના પરિપત્ર ક્રમાંક:ખરચ-૧૦૯૪-૨૬૦-ઝ૧, તા.૨૦/૦૫/૧૯૯૬ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૬-ઓ-૬૪૫-ઝ૧, તા.૦૯/૦૯/૯૮ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૯૮-૧૦૯૮-૭૦૪-(૫૮)ઝ૧ તથા તા.૧૪/૦૮/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ૧ અનુસારની તેમજ વખતો વખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૨) આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર-૦૧-SCW-૨૯ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

૩) આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૯/૦૧/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Chirag

(ચિરાગ પટેલ)

સેક્શન અધિકારી

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન.મંત્રીશ્રી, સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા), સા.ન્યા.ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૨